## – :: આંક – ૦૫ ની અરજી લગત હુકમ ::–

(૧) આ કામના આ વાદીએ પ્રતિવાદી–મામલતદારશ્રી ભુજ, પી.આઇ.શ્રી બી ડીવીઝન પો.સ્ટે. ભુજ તથા જીલ્લા કલેકટરશ્રી વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કરી દરમ્યાન મનાઇ હુકમની અરજીમાં જણાવેલ ચર્તુદિશાવાળી મિલકત સંબંધે આપવામાં આવેલ નોટીસ અન્વયે પ્રતિવાદી જાતે કે તેમના કર્મચારી મારફત વાદીના કબજા ભોગવટામાં રુકાવટ, અંતરાય, અટકાયત કરે કરાવે નહી તથા દાવાવાળી જગ્યાને નુકશાન કે તોડફોડ કરે કરાવે નહી તેવું દરમ્યાન કાયમી મનાઇ હુકમ મળવા વગેરે મુજબની દાદ માગવા દાવો દાખલ કરેલ છે. દરમ્યાન આંક–પ થી સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧–૨ મુજબ પ્રતિવાદી દાવાવાળી જગ્યામાં કોઇપણ રીતે વાદીના કબજા ભોગવટામાં અંતરાય, અટકાયત કરે કરાવે નહી અને દાવાવાળી જગ્યાને નુકશાન કે તોડફોડ કરાવે નહી તેવા દરમ્યાન મનાઇ હુકમની માંગણી હાલની અરજીમાં કરેલ છે.

(૨) સદર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી અરજીમાં જણાવેલ સરનામે છેલ્લા ૩૫ વર્ષથી વધુ સમયથી રહેણાંક કરે છે અને તેમના લગ્ન રુકીયાબાઇ માંજોઠી સાથે થયેલ હતા અને તેણીને તેના અગાઉના લગ્ન થકી કુલ બે પુત્રો નામે ઇમરાન અને શૌકતનો જન્મ થયેલ અને ત્યારબાદ વાદીએ તેમની સાથે લગ્ન કરેલ અને વાદી સાથેના લગ્ન થકી કોઇ સંતાનનો જન્મ થયેલ નથી. તે રીતે ઇમરાનના વાદી સગા પિતા નથી અને તે વાદીનો સગો પુત્ર નથી તે રીતે તે વાદીના કહયામાં ન હોઇ ઘણા વર્ષોથી વાદી સાથે રહેતો નથી. ગઇ તા.૧૮/૪/૨૦૨૫ ના રોજ વાદીને નં.જમન/વશી/૧૫૧ (૨)/૦૪/૨૦૨૫ તા.૧૭/૦૪/૨૦૨૫ વાળી નોટીસ મળેલ છે. જે નોટીસ તેમના પુત્ર ઇમરાન ઉર્ફે કારો રમજુ પઠાણના નામવાળી છે પરંતુ તેમનો પુત્ર તેમનીસાથે રહેતો નથી તે વાદીથી અલગ રહેલ છે. ઉપરોકત નોટીસમાં આ કામના પ્રતિવાદી નં.૧ તરફથી પ્રતિવાદી નં.૨ ના વિષય અને સંદર્ભ બાબતે '' નોટીસ મળ્યેથી દિન–૩ માં દાવાવાળી જગ્યાના માલીકીના આધારો રજૂ કરવા માટે જણાવવામાં આવેલ છે, અને જો આવા આધારો રજૂ કરવામાં નહી

આવે તો અમારી કબજા ભોગવટાના રહેણાંકના મકાનને તોડી પાડવાની કાર્યવાહી કરવા અંગે જણાવવામાં આવેલ છે.''  ઉપરોકત દાવાવાળી જગ્યા વાદી અને તેમના પત્ની બે જણા જ વસવાટ કરે છે તેમનો પુત્ર ઇમરાન તેમની સાથે રહેતો નથી અને તે મકાન મિલકતમાં તેનો કોઇ કબજો ભોગવટો નથી કે તેણે સદર મકાનમાં કોઇ બાંધકામ કરેલ નથી. જેથી તા.૧૭/૪/ ૨૦૨૫ વાળી પ્રતિવાદી નં.૧ વાળાએ મોકલેલ નોટીસ પ્રતિવાદી નં.૧ એકબીજા સાથે સાંઠગાંઠ કરી વાદીનું મકાન હડપી લેવા ગે.કા.ની નોટીસ મોકલેલ છે અને પ્રતિવાદી નં.૧-૨ વાળાએ સ્થાનીકે આવી કોઇ તપાસ કરેલ નથી, વાદી કે અન્ય કોઇ આજુબાજુવાળાના નીવેદન લીધેલ નથી, કોઇ પંચનામું કરેલ નથી. ઉપરોકત દાવાવાળી જગ્યા છેલ્લા ૩૫ વર્ષથી વધુ સમયથી વાદીના ખુલ્લા શાંત, સતત અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી અરજીના પેરા નં.૯ માં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૩)        આ કામે વાદી તરફે આંક-૦૩ તથા આંક-૧૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| માર્ક-૩/૧ | તા.૧૭/૦૪/૨૦૨૫ વાળી નોટીસ |
| માર્ક-૩/૨ | વાદીના આધારકાર્ડની નકલ |
| માર્ક-૩/૩ થી ૮ | લાઇટબીલની નકલ |
| માર્ક-૧૩/૧ | તા.૧૯/૧/૨૦૨૬ વાળા એન્ક્રોચમેન્ટ/ કચ્છ/ ૨૭/૨૦૨૫ વાળા કામે થયેલ હુકમની નકલ |

(૪)        આ કામે પ્રતિવાદીપક્ષ તરફે કોઇ જવાબ કે પુરાવો રજુ થયેલ નથી.

(૫)        વાદી વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ.

(૬) પક્ષકારોના પક્ષ નીવેદનો, રજૂ દસ્તાવેજી પુરાવા, તેમજ દલીલો, ધ્યાને લેતાં મનાઇ હુકમની અરજીના નિર્ણય પર આવવા માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

**– :: મુ દા ઓ :: –**

મુદા નં.૧ શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે ?

મુદા નં.૨ શું વાદી પુરવાર કરે છે કે, માંગ્યા મુજબનો મનાઇ હુકમ નહી આપવામાં આવે તો નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

મુદા નં.૩ શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાનું ધોરણ તેઓની તરફેણમાં છે ?

મુદા નં.૪ શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

**– :: નિર્ણયો ::–**

મુદા નં.૧ : નકારમાં,

મુદા નં.૨ : નકારમાં,

મુદા નં.૩ : નકારમાં,

મુદા નં.૪ : આખરી હુકમ મુજબ.

**– // કારણો //–**

(૮) ઉપરોકત મનાઇ અરજીની હકીકતોને ધયાને લેતાં દિવાની કાર્યસંહીતાના ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ હેઠળની અરજી હોય અને નિકાલ માટે અરજી લઇ આવનાર પક્ષકારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. મનાઇ હુકમ હેઠળની દાદ સમન્યાયના હેતુસર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ હોય ત્યારે મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચે તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની ''યથા સ્થીતી '' જાળવી રાખવાનો રહે છે. એ હકીકત સ્વીકાર્ય છે કે, પ્રથમ દર્શનીય હકક કે જે કેસના

અંતે પુરાવાના મૂલ્યાંકન બાદ પ્રસ્થાપિત થાય છે પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તે પુરાવાની પ્રાથમીક ચકાસણીના આધારે નિર્ધારીત થાય છે. જે પ્રસ્થાપિત કેસની સાથે પક્ષકારોને નાણામાં આંકી ન શકાય તેવું નુકશાન તથા તુલનાત્મક રીતે ન્યાયની સમતુલાનું પલ્લુ કોની તરફેણમાં છે તે જોવાનું રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઇ મનાઇ હુકમ આપતી વખતે કોર્ટે વિવેકાધીન સતાનો ન્યાયીક ઉપયોગ કરવાનો રહે છે.

(૯) વાદીના વિ.વ.શ્રીની રજુઆતો, રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૧૦) હાલના કામે વાદી ધ્વારા દાવાના સમર્થનમાં તા.૧૭/૪/૨૦૨૫ની મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભુજ (શહેર) ધ્વારા આપવામાં આવેલ મિલકત નં.જમન/વશી/૧૫૧(૨)/૦૪/૨૦૨૫ ની માલીકી અંગે નોટીસ રજુ કરેલ છે. સદર અરજી વિષય સંદર્ભ જોતાં ભુજ શહેર વિસ્તારમા રહેતા ઇસમ ધ્વારા ગેરકાયદેસર સરકારી જમીન ઉપર બનાવેલ મકાનોના દબાણ દુર કરવા પોલીસ ઇન્સપેકટરશ્રી, ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન, ભુજ-કચ્છ ના પત્ર ક્માંક ૨૮૭૧/૨૦૨૫ તા.૦૯/૦૪/૨૦૨૫ અન્વયે ભુજ તાલુકાના ભુજ શહેરના લશ્કરી માાતમ પાસે, કેમ્પ એરીયા ખાતે ગેરકાયદેસર રીતે રહેણાંક મકાન બનાવી દબાણ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેમાં રહેણાંક મકાનની માલ્કિી અંગેના આધાર પુરાવા નોટીસ મળેથી દિન-૩ માં રજૂ કરવા નોટીસ આપવામાં આવેલ છે અને મકાનના આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જશો તો દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે અંગેની નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ છે. આ કામના વાદી ધ્વારા માર્ક-૩/૩ થી ૩/૮ સુધી વીજ બીલની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. હવે, આ કામના વાદી વિ.વ.શ્રીએ રજુઆત કરવામાં આવેલ છે કે હાલના કામના મામલતદારશ્રી ધ્વારા તા.૧૯/૧/૨૦૨૬ ના રોજ હુકમ કરી દિન-૫ માં સ્વેચ્છાએ દબાણ દૂર કરવા હુકમ કરેલ છે. વાદી વિ.વ.શ્રી જણાવે છે કે વાદી છેલ્લા ૩૫ વર્ષથી સદર મકાનમાં રહે છે અને ભુજ બી ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ તેમના પુત્ર ઇમરાન વિરુધ્ધ્ નોંધાયેલા ગુના સંબંધે મિલકત તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદર ઇમરાન હાલના વાદી સાથે રહેતો નથી. આ મકાનમાં વાદી

અને તેમના પત્ની છેલ્લા ૩૫ વર્ષથી વધુ સમયથી રહેણાંક કરે છે જેથી આ મકાન તોડી પાડવામાં આવશે તો વાદી ઘર વિહોણા થઇ જશે અને રસ્તા પર રઝડવાનો વારો આવશે. વાદી તરફે વિ.વ.શ્રી રજુઆત કરેલ છે કે મામલતદારશ્રી ધ્વારા **નામદાર સર્વોચ્ચ અદાલતના *2024 INSC 866 (2025) 5 SCC 1*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો ટાંકી હુકમ કરેલ છે તેમછતાં સદર હુકમમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સૂચવેલ માર્ગદર્શક સિધ્ધાંતોની અવગણના કરેલ છે.

(૧૧) હાલના કામે સરકાર તરફે કોઇ હાજર થયેલ નથી કોઇ જવાબ રજુ કરેલ નથી. વાદી વ.શ્રી ધ્વારા માર્ક–૧૩/૧ થી મામલતદારશ્રીનો હુકમ રજુ કરેલ છે. વાદી વિ.વ.શ્રી ધ્વારા માર્ક–૩/૧ થી રજુ નોટીસ જોતા તા.૧૭/૪/૨૦૨૫ ના રોજ ઇમરાન ઉર્ફે કારો રમજુ પઠાણ એટલે કે વાદીના પુત્રને નોટીસ આપવામાં આવેલ છે. જો નોટીસ બાદ તા.૧૯/૪/૨૦૨૫ ના રોજ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. નોટીસની હકીકત મુજબ નોટીસમાં જણાવેલ મકાનની માલીકી અંગેનો કોઇ પુરાવો દિન–૩ માં મામલતદારશ્રી સમક્ષ રજુ કરવા તાકીદ કરવામાં આવેલ છે તેમછતાં વાદી ધ્વારા સંબંધીત કચેરીએ નોટીસમાં જણાવ્યા મુજબ માલીકી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો પુરો પાડેલ નથી કે દાવાવાળી મિલકત કેવી રીતે તેમની માલીકીમાં છે તેના કોઇ આધાર પુરાવા તેમની પાસે છે તેવું કોઇ કથન કરેલ નથી. દાવાવાળી મિલકતના વીજબીલની નકલો રજુ કરવા માત્રથી વાદી સદર મકાનના માલીક હોવાનું માની શકાય નહીં. ત્યારબાદ મામલતદારશ્રી, ભુજ ધ્વારા તા.૧૯/૦૧/ ૨૦૨૬ ના રોજ સ્વેચ્છાએ દબાણ દૂર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. હવે, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા કોઇ અધિકારી રહેણાંકના મકાન પર ડેમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી સદર માર્ગદર્શક સિધ્ધાંતો લાગુ પડતા નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતએ એમ પણ ઠરાવેલ છે કે સદર હુકમથી નારાજ પક્ષકારને અપીલ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવો જોઇશે. આ કામે વાદી ધ્વારા માર્ક–૧૩/૧ થી મામલતદારશ્રીનો હુકમ જોતાં

તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આ અરજીની સુનાવણી તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ કામ બોર્ડ ઉપર લઇ કરવામાં આવેલ છે. આ દરમ્યાન સદરહુ મામલતદારશ્રી ધ્વારા કરવામાં આવેલ હુકમ વિરૂધ્ધ્ અપેલન્ટ ઓથોરીટી સમક્ષ કોઇ અપીલ કે રીવીઝનની કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

હવે, સમગ્ર વિગતો જોવામાં આવે તો તા.૧૭/૦૪/૨૦૨૫ ની નોટીસ બાદ વાદીએ દાવાવાળી મિલકતની માલીકી અંગે કોઇ દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી અને અત્રેની અદાલત સમક્ષ હાલનો દાવો લઇ આવેલ છે. આમ, જોવામાં આવે તો વાદીએ દાવાવાળી મિલકત પોતાની માલીકી હોવા સંબંધે કોઇ આધાર રજુ કરેલ નથી. જયારે મામલતદારશ્રીના માર્ક–૧૩/૧ વાળા હુકમમાં ભુજ શહેરના સ.નં.૩૫૮/પૈકી ૧ વાળી જમીન જે રેવેન્યુ રેકર્ડમાં શ્રી સરકાર ખાતે દાખલ થવાનુ ઠરાવેલ છે. વધુમાં વાદીની મનાઇહુકમની અરજી જોતાં માત્ર મકાનની ચર્તુદિશા વર્ણવેલ છે. મકાનના મ્યુનીસીપલ પ્લોટ નંબર કે સર્વે નંબર વિગેરે કોઇ વિગતો દર્શાવેલ નથી. હવે આ હકીકતોને ધ્યાને લેવામાં આવે તો વાદી તેમના પત્ની સાથે ૩૫ વર્ષથી સદરહુ મકાનમાં રહેણાંક કરે છે તેવા સંજોગોમાં જો સદર મકાન તોડી પાડવામાં આવે તો તેને અસહય પીડા થાય તેમ છે પરંતુ સાથે સાથે આ મિલકતની માલીકી સંબંધે વાદીએ કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં ૩૫ વર્ષથી વધુ સમયથી રહેણાંક કરતાં હોવાની હકીકત સંબંધે આ તબકકે માની શકાય તેવા કોઇ દસ્તાવેજી આધારો રજુ કરેલ નથી. આ સંજોગોમાં દરમ્યાન મનાઇ હુકમ નિર્ણીત કરવા માટે ત્રણેય મુદામા વાદીની તરફેણ કરતા નથી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચાના અંતે વાદીનો દાવો હાલના તબકકે પ્રથમદર્શનીય કેસ પુરવાર થયાનું જણાતુ ન હોય, ***નામદાર સર્વોચ્ચ અદાલતના કાશી મઠ સમસ્થાન અને અન્ય વિરુધ્ધ્ શ્રીમદ સુધીન્દ્રા તીર્થ સ્વામી (એ.આઇ.આર. ૨૦૧૦ સુપ્રીમ કોર્ટ ૨૯૬)*** ના ચુકાદામાં જણાવ્યા મુજબ સગવડતા અગવડતાનું ધોરણ અને નાણામાં ન આંકી શકાય તેવા નુકશાન અંગેના સિધ્ધાંતની ચર્ચા કરવાની રહેતી નથી. જેથી ઉપરોકત કરેલ

ચર્ચા આધારે મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–: આખરી હુકમ :–**

(૧) વાદીની આંક–૫ ની મનાઈહુકમની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના આખરી હુકમના પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૧૧ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૬
ભુજ–કચ્છ.

(કેતનકુમાર અશોકભાઇ ડાભી)
ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.
જજ કોડ– જી.જે.૦૧૨૮૯

*/DDR/૫*